**ચૂંટણી પહેલા જ ભાજપમાં ભડકોના એંધાણ | આણંદમાં કેસરીયો ગઢ સાચવવા ભાજપ માટે 'ઘરના જ છોકરા ઘાતકી' સાબિત થશે ?**

# ભાજપના આંતરિક જૂથો વચ્ચે જ મેન્ડેટ માટે રસાકસી !

**ભાજપમાં ટિકિટ** મેળવવા જબરદસ્ત ખેંચતાણ શરૂ

**જૂના જોગીઓ સામે** સત્તાવિરોધી લહેરનો ભય



(પ્રતિનિધિ) પેટલાદ તા.1

આણંદ ભાજપ દ્વારા કરમસદ - આણંદ મનપા તથા ખંભાત અને સોજીત્રાના સંભવિત ઉમેદવારોને સાંભળવામાં આવ્યા હતા. જેમાં કેટલાક સંભવિતોએ ગત સત્તાધિશોના વહીવટની ફરીયાદો નિરીક્ષકો સમક્ષ કરી હોવાનું જાણવા મળે છે. ભાજપના જ જુદા જુદા જુથો દ્વારા મેન્ડેટની માંગણી કરતા ફોર્મ ભર્યા છે. આ વખતે જે ઉમેદવારોને રીપીટ કરવામાં આવશે તેમને જીતવા માટે કપરા ચઢાણ રહે તો નવાઈ નહીં ! પરંતુ સ્થાનિક સંસ્થાઓમાં વહીવટ કબજે કરવા ભાજપના જુથો વચ્ચે જબરજસ્ત રસ્સાખેંચ થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

ગુજરાત ચુંટણી પંચ દ્વારા ચુંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. આ સાથે જ ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષ સંભવિત દાવેદારોની દોડધામ વધી ગઈ છે. આણંદ જીલ્લામાં બુધવારે ચુંટણીનો માહોલ જામવા લાગ્યો છે. ચુંટણી પંચ દ્વારા ખૂબ જ નજીકના દિવસો રાખી કાર્યક્રમ જાહેર કરાતાં રાજકીય ઉત્તેજના વધી જવા પામી છે. ભાજપ દ્વારા કરમસદ - આણંદ મનપાના વોર્ડ નં.1 થી 10ના સંભવિતોને કમલમ્ વિદ્યાનગર ખાતે સાંભળવામાં આવ્યા હતા. કરમસદ - આણંદ મનપા બન્યા પછી પ્રથમ વખત ચુંટણી યોજાઈ રહી હોવાના કારણે વહીવટ મેળવવા ભાજપના જુથો વચ્ચે સજ્જડ રસાકસી રહેવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

આગામી દિવસો દરમ્યાન મેન્ડેટ મેળવવા પણ છેક ગાંધીનગર અને દિલ્હી સુધી લોબીંગ થવાની ચર્ચાઓએ ભાજપ વર્તુળમાંજ જોર પકડ્યું છે. આ વખતે અહીંયા કોંગ્રેસ અને આપ દ્વારા પણ દરેક વોર્ડની પેનલ ઉતારવામાં આવનાર છે. આ કોર્પોરેશનના નવા સિમાંકન અને રોટેશનના કારણે રાજકીય સમીકરણો બદલાવવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

## સોજીત્રા પાલિકામાં ગત શાસનનું 'કલંક' ધોવા ભાજપના મોવડી સજ્જ થશે



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

સોજીત્રા પાલિકાની સેન્સ પ્રક્રિયા દરમ્યાન સંભવિતોના ધાડા ઉમટી પડ્યા હતા. આ પાલિકામાં ગત ચુંટણી વખતે 24 માંથી 15 બેઠકો ભાજપને સ્પષ્ટ બહુમત સાથે મળી હતી. પરંતુ એકહથ્થુ શાસન અને મનસ્વી નિર્ણયોને કારણે પાલિકા સુપરસીડ થઈ ગઈ હતી. જે ભાજપ માટે કલંકરૂપ હોવાનું રાજકીય પંડીતો માની રહ્યા છે. આ સમગ્ર મુદ્દાઓ ઉપરાંત ભ્રષ્ટાચાર અને દબાણો હટાવવાની કામગીરી કદાચ આ બંન્ને શહેરો માટે પડકારરૂપ રહેશે.

## ખંભાતમાં વિવાદોના વંટોળ વચ્ચે નિરીક્ષકો દ્વારા ઉમેદવારોની પસંદગીનું મંથન



તસવીરઃ દેવાંશી ઠાકર

ભાજપના નિરીક્ષકોએ ખંભાત અને સોજીત્રા તાલુકાના સંભવિત ઉમેદવારોને ગોકુલધામ નાર ખાતે સાંભળ્યા હતા. ખંભાત નગરપાલિકાની વર્ષ 2021ની ચુંટણીમાં 36માંથી 18 બેઠકો મળતા ભાજપના ગઢમાં ગાબડું પડ્યું હતું. પરંતુ 4 અપક્ષોને સાથે રાખી સત્તા હાંસલ કરી હતી. અહીંયા ભાજપને સત્તા મળવા છતાં છેલ્લા અઢી વર્ષ તો સતત વિવાદ ચાલ્યો હતો. ઉપરાંત આ સમય દરમ્યાન ભાજપના 6 અને અપક્ષના 2 સભ્યોના રાજીનામાએ સ્થાનિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો. આ તમામ મુદ્દાઓની આજે ચર્ચાઓ સાભળવા મળી હતી.

### પાલિકા - પંચાયતમાં ભાજપના સંભવિતોનો તરખાટ

ખંભાત તાલુકામાં જીલ્લા પંચાયતની 6 અને તાલુકા પંચાયતની 28 બેઠકો છે. જે માટે ભાજપના 145 દાવેદારોએ મેન્ડેટની માંગણી માટે ફોર્મ ભર્યા છે. તેવી જ રીતે ખંભાત નગરપાલિકાની 36 બેઠકો માટે 101 જેટલા ફોર્મ ભરાયાં છે. ભાજપના નિરીક્ષકોએ સોજીત્રા જીલ્લા પંચાયતની 2 અને તાલુકા પંચાયતની 16 બેઠકો માટે લગભગ 40 દાવેદારોએ મેન્ડેટ માટે ફોર્મ ભર્યા છે. જ્યારે સોજીત્રા નગરપાલિકાની 24 બેઠકો માટે અંદાજીત 50 જેટલા ફોર્મ દાવેદારોએ ભર્યા હોવાનું જાણવા મળે છે.

### આણંદમાં વિપક્ષો માટે ઉમેદવારો શોધવા 'લોઢાના ચણા' ચાવવા જેવું !

આણંદ જીલ્લામાં કોંગ્રેસ અને આપ માટે રાજકીય પગપેસારો કરવો ખૂબ જ કઠીન માનવામાં આવે છે. જો કે આ બંન્ને પાલિકા અને તાલુકા પંચાયત માટે કોંગ્રેસ અને આપ માટે મજબૂત ઉમેદવારો શોધવા લોઢાના ચણા ચાવવા સમાન છે. બીજી તરફ આ બંન્ને તાલુકામાં જુથબંધીનું ડેમેજ કંટ્રોલ કરવામાં જીલ્લા ભાજપ પ્રમુખ કેટલા સફળ રહે છે ? કારણકે હાલ આણંદ જીલ્લા ભાજપ પ્રમુખ ખંભાતના હોવાથી તેઓની વિશેષ જવાબદારી બની રહેવાની વાત ચર્ચાનો વિષય બન્યો છે.

**સામાન્ય બોલાચાલી બાદ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે હથિયારો સાથે ધસી આવ્યા**

# નડિયાદમાં કેક શોપ પર વિધર્મી ટોળાનો હુમલો

**મારી નાખવાની ધમકી** અપાતા પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

નડિયાદ શહેરના વ્યસ્ત બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલી 'પન્ટુસ કેક શોપ' પર રાત્રિના સમયે લઘુમતી કોમના 50થી 60 લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ હિન્દુ યુવક પર હિંસક હુમલો કરતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે. કેક લેવાના બહાને આવેલા શખ્સોએ અદાવત રાખી દુકાનદાર જૈમિન શ્રીમાળી પર હિચકારો હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ઘટનાની વિગત મુજબ, રાત્રિના અંદાજે 11-00 વાગ્યે શાહરુખ નામનો શખ્સ અન્ય સાથીદારો સાથે દુકાને આવ્યો હતો. સામાન્ય બોલાચાલી બાદ શાહરુખ ગણતરીની 5 મિનિટમાં જ શક્કરકુઈ વિસ્તારમાંથી 50થી 60 લોકોના ટોળાને હથિયારો સાથે લઈને પરત ફર્યો હતો. આ હુમલાખોરોએ જૈમિન પર તૂટી પડી ગડદાપાટુનો માર માર્યો હતો અને દુકાન બંધ કરાવી દેવા ધમકી આપી હતી. સદનસીબે જૈમિનના મિત્રો ત્યાં હાજર હોવાથી વધુ જાનહાનિ ટળી હતી. આ સમગ્ર ઘટના દુકાનના CCTV કેમેરામાં કેદ થઈ છે, જેમાં ટોળું હથિયારો સાથે હુમલો



કરતું સ્પષ્ટ દેખાય છે.

દુકાન માલિક દ્વારા પોલીસને સોંપવામાં આવેલા CCTV ફૂટેજમાં શાહરુખ અને તેના સાથીદારો હથિયારો સાથે હુમલો કરતા નજરે પડે છે. આ ફૂટેજના આધારે પોલીસે મુખ્ય સૂત્રધાર સહિતના ટોળા વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધી હુમલાખોરોની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

### બજરંગ દળની વહીવટી તંત્રને ચીમકી



નડિયાદમાં હિન્દુ યુવકો પર થતા હુમલા અંગે બજરંગ દળના જિલ્લા સંયોજક કેયુર પટેલે ભારે રોષ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે જો પોલીસ પ્રશાસન હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરવામાં ઢીલ મુકશે તો આગામી સમયમાં બજરંગ દળ દ્વારા રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

### પૂર્વ આયોજિત ષડયંત્રનો આક્ષેપ

હિન્દુ ધર્મ સેનાના પ્રમુખ રાજન ત્રિપાઠીએ આ ઘટનાને શાંતિ ડહોળવાનું પૂર્વ આયોજિત કાવતરું ગણાવ્યું છે. તેમણે માંગ કરી છે કે આટલી મોટી સંખ્યામાં હથિયારો સાથે હુમલો કરનારા તત્વોને પોલીસ જાહેરમાં લાવી તેમનું સરઘસ કાઢે જેથી ભવિષ્યમાં કોઈ આવું દુ:સાહસ ન કરે.

**સિંજીવાડામાં હંગામી શિક્ષકની શરમનાક હરકતથી પંથકમાં ચકચાર**

# માતરની પીએમશ્રી શાળામાં શિક્ષકે બાળકીઓને બચકા ભર્યા!

**રોષે ભરાયેલા** ગ્રામજનોએ શાળામાં હોબાળો મચાવ્યો, પોલીસે નરાધમ શિક્ષકને દબોચ્યો



(પ્રતિનિધિ) નડિયાદ તા.1

ખેડા જિલ્લાના માતર તાલુકામાં આવેલી સિંજીવાડા પીએમશ્રી પ્રાથમિક શાળામાં વિદ્યાના ધામને લજવતો અત્યંત શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શાળામાં હંગામી ધોરણે ફરજ બજાવતા શિક્ષક અરુણ પટેલે ધોરણ 5માં અભ્યાસ કરતી 3 થી 4 જેટલી માસૂમ વિદ્યાર્થિનીઓ સાથે અશોભનીય વર્તન કરી છેડછાડ કરી હોવાની ગંભીર ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ, આરોપી શિક્ષક અરુણ પટેલે શાળામાં માસૂમ બાળકીઓને પકડવાની કોશિશ કરી હતી. આ દરમિયાન અન્ય બાળકીઓ ભાગી છૂટવામાં સફળ રહી હતી, પરંતુ એક માસૂમ બાળકી શિક્ષકના સકંજામાં આવી ગઈ હતી. આ નરાધમ શિક્ષકે બાળકીને પકડીને તેને શરીરે બચકા ભરી છેડતી કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ બાળકીના પરિવારે કર્યો છે.

આ બાબતની જાણ થતા જ વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં શાળા પરિસરમાં ઉમટી પડ્યા હતા અને શિક્ષક વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જોકે, પોલીસે હાલ આરોપી શિક્ષકને રાઉન્ડ અપ કર્યો છે અને ભોગ બનનાર પરિવારોના નિવેદન લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ શરમજનક ઘટનાએ વાલીઓમાં ચિંતાનું મોજું ફેરવી દીધું છે અને કડક સજાની માંગ ઉઠી છે. આ ઘટનાના પંથકમાં ઘેરા પડઘા પડ્યાં હતાં.

### પોલીસ સ્ટેશન બહાર લોકોના ટોળેટોળા ઉમટ્યા



આ ઘટનાની ગંભીરતા જોતા ભોગ બનનાર બાળકીઓના વાલીઓ અને ગામના સરપંચ ન્યાયની માંગ સાથે માતર પોલીસ સ્ટેશન દોડી ગયા હતા. પોલીસ મથક બહાર લોકોના ટોળેટોળા એકઠા થતા પરિસ્થિતિ તંગ બની હતી. માતર પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને આરોપી શિક્ષક અરુણ પટેલની અટકાયત કરી લીધી છે અને કાયદેસરનો ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

### સરપંચનો આક્રોશ અને મુખ્ય શિક્ષકે પણ પુષ્ટિ કરી



આ અંગે ગામના સરપંચે ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બાળકો શાળામાં સુરક્ષિત અનુભવી શકે તે માટે આ પ્રકારની વિકૃત માનસિકતા ધરાવતા શિક્ષક સામે કડકમાં કડક કાર્યવાહી થવી અનિવાર્ય છે. બીજી તરફ શાળાના મુખ્ય શિક્ષકે સમગ્ર મામલાની પ્રાથમિક તપાસ કરી હતી. તપાસમાં વિદ્યાર્થિનીઓ સાથે છેડતી થઈ હોવાનું જણાતા, મુખ્ય શિક્ષકે પણ વાલીઓની સાથે રહીને પોલીસ સ્ટેશનમાં હાજર રહી નૈતિક જવાબદારી નિભાવી હતી.

**કોમ્પ્લેક્સના પાર્કિંગમાં ખડકાયેલા દબાણો પર ચાલ્યો હથોડો**

# નડિયાદ મનપાની તવાઈ : શીત વંદન કોમ્પ્લેક્ષમાં બે માળ સીલ

**પાર્કિંગમાં ચાલતું** ફિઝિયોથેરાપી સેન્ટર અને કેબિનો તોડી પડાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

નડિયાદના પોશ વિસ્તાર ગણાતા કોલેજ રોડ પર આવેલા શીત વંદન કોમ્પ્લેક્ષમાં ગેરકાયદે બાંધકામ અને પાર્કિંગની જગ્યાના વ્યાવસાયિક ઉપયોગ મામલે મનપાના દબાણ વિભાગે લાલ આંખ કરી છે . બિલ્ડર દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને કરવામાં આવેલા બાંધકામ સામે તંત્રએ આકરું વલણ અપનાવી બે માળ સીલ કરી દીધા છે અને પાર્કિંગની જગ્યામાં ઉભા કરાયેલા દબાણો દૂર કરાયાં છે.

નડિયાદ મનપાના ડેપ્યુટી કમિશનર આનંદ ઉકાણીના જણાવ્યા અનુસાર, મનપા દ્વારા અગાઉ બિલ્ડરને બે વખત નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો હતો, પરંતુ રજૂ કરાયેલા દસ્તાવેજો અપૂરતા જણાતા પોલીસ બંદોબસ્ત સાથે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે તપાસમાં બહાર આવ્યું હતું કે, બિલ્ડરે પાર્કિંગ માટે અનામત રાખેલી જગ્યામાં દીવાલો ચણીને કેબિનો બનાવી ભાડે આપી દીધી હતી. પાલિકાની ટીમે પાર્કિંગમાં ચાલતા ફિઝિયોથેરાપી સેન્ટરની દીવાલ તોડી પાડી હતી અને સંચાલકોને જગ્યા ખાલી કરવા અલ્ટીમેટમ આપ્યું છે.

અલબત્ત, આ કાર્યવાહી દરમિયાન બિલ્ડર અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા અને કામગીરીમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ થયો હતો, પરંતુ અધિકારીઓએ મક્કમતા દાખવી હથોડો ચલાવવાનું ચાલુ રાખ્યું હતું.

જોકે, બીજી તરફ એવી પણ ચર્ચા જાગી છે કે મનપા સામાન્ય લોકોના મકાનો તોડી પાડે છે, જ્યારે અહીં ગેરકાયદે ગણાતા બે માળને માત્ર સીલ કરી દેખાડાની કાર્યવાહી કરી છે.

# બોરસદના દીવેલ ગામમાં જમીન ખેડવા મુદ્દે ધીંગાણું

**લાકડી અને દાંતી વડે** થયેલા હુમલામાં બન્ને પક્ષે સભ્યો ઘવાયાં

(પ્રતિનિધિ) બોરસદ તા.1

બોરસદ તાલુકાના દીવેલ ગામમાં વર્ષો જૂના જમીન વિવાદે સોમવારે બપોરે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ ઘટના અંગે ગોતાભાઈ મહીજીભાઈ રાઠોડની ફરિયાદ મુજબ, તેઓ ટ્રેક્ટર લઈને ખેતર ખેડવા ગયા હતા, ત્યારે શનાભાઈ રાઠોડ અને તેમના પરિવારે રસ્તામાં ટ્રેક્ટર આડે સૂઈ જઈને તેમને અટકાવ્યા હતા. આ લોકોએ અપશબ્દો કહ્યાં હતાં અને ટ્રેક્ટર પરથી નીચે ઉતારી મારમારી મારી નાખવાની ધમકી આપી હતી.

સામા પક્ષે 28 વર્ષીય મહીપતસિંહ શનાભાઈ રાઠોડે વળતી ફરિયાદમાં જણાવ્યું છે કે, જે જમીન પર વિવાદ છે તે તેમના પિતાએ 2003માં નોટરી કરારથી ખરીદેલી છે અને તેઓ વર્ષોથી ત્યાં ખેતી કરે છે. ફરિયાદમાં મહીપતસિંહના જણાવ્યા મુજબ, ગોતાભાઈ અને તેમના સાથીઓએ ભેગા મળી લાકડીઓ અને દાંતી વડે તેમના પરિવાર પર હુમલો કર્યો હતો, જેમાં મહીપતસિંહના પત્ની વર્ષાબેનને હાથે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થઈ છે. હાલમાં તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વીરસદ પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# નડિયાદમાં કાંસના કામમાં વિલંબ મુદ્દે કોંગ્રેસનો પોસ્ટર સાથે વિરોધ

**પ્રજાના ટેક્સના** પૈસાનો દુરુપયોગ અટકાવવા કોંગ્રેસની માંગ




(પ્રતિનિધિ) નડિયાદ તા.1

નડિયાદ શહેરના હાર્દ સમાન સરદાર સ્ટેચ્યુ વિસ્તારમાં કાંસની સફાઈ અને વિકાસના કામોના બહાને રસ્તો બંધ કરી દેવાતા શહેર કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. ખાતમુહૂર્ત કર્યા બાદ છેલ્લા દોઢ મહિનાથી કામગીરી ખોરંભે પડી હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસના કાર્યકરોએ સ્થળ પર મારેલા પતરાઓ પર શાસક પક્ષ વિરોધી પોસ્ટરો લગાડી 'પોસ્ટર વોર' છેડી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સત્તાધીશો સામે પ્રજાને ગેરમાર્ગે દોરવાનો અને ભ્રષ્ટાચારનો આરોપ લગાવાયો હતો.

નડિયાદ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, સત્તાધારી પક્ષ માત્ર કરોડો રૂપિયાની ગ્રાન્ટના આંકડાઓની માયાજાળ રચીને વાહવાહી લૂંટી રહ્યો છે, જ્યારે વાસ્તવિકતામાં જમીન સ્તરે કોઈ કામગીરી થતી નથી. વેપારીઓની દુકાનો તોડી પાડ્યા બાદ કામ બંધ કરી દેવાતા સ્થાનિક રોજગારને મોટું નુકસાન થયું છે અને મુખ્ય માર્ગ બ્લોક હોવાથી જનતા ટ્રાફિકની સમસ્યાથી પીડાઈ રહી છે. વધુમાં, મનપાના વહીવટી તંત્રની બેદરકારીને કારણે તાજેતરમાં થયેલા એક વ્યક્તિના મોતના કિસ્સામાં પણ હજુ સુધી કોઈ આર્થિક સહાય આપવામાં આવી નથી. કોંગ્રેસે ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં કામ પૂર્ણ કરી રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે તો આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

### કોંગ્રેસના સત્તાધીશો પર આકરા પ્રહારો

- કાગળ પર વિકાસઃ શાસકો માત્ર સ્ટેજ પરથી ભાષણો આપી ખાતમુહૂર્ત કરવામાં જ રસ ધરાવે છે, કામ પૂરું કરવામાં નહીં.
- ખાડા નગરીઃ છેલ્લા 5 વર્ષમાં નડિયાદ શહેરની હાલત દયનીય બની છે અને શહેર 'ખાડા નગરી' માં ફેરવાઈ ગયું છે.
- તંત્રની નિષ્ક્રિયતાઃ ઉચ્ચ અધિકારીઓ એસી ચેમ્બરમાં બેસી રહે છે જ્યારે જનતા હાલાકી ભોગવે છે.
- આર્થિક નુકસાનઃ વિલંબિત કામગીરીને કારણે વેપારીઓના ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225